# પાલનપુરમાં બંદુકની અણીએ બે લાખથી વધુની લૂંટ

## મકાન માલિકને બંધક બનાવી ચડ્ડી બનીયનધારી ગેંગે મચાવ્યો આતંક

પાલનપુર, તા. ૨૧

પાલનપુર અમદાવાદ હાઈવે પર આવેલી ઉમા તિરૂપતિ સોસાયટી માં મધ રાત્રે બનિયાન ચડી ધારી ટોળકી મકાન નું નકુચો પથ્થર થી તોડી મકાન માં ઘુસી ગયા હતા બાદ માં અંદર સુતેલા મકાન માલિક માથા પર એક સખ્સ એ બંદુક રાખી તો અન્ય સખ્સ એ મકાન માલિક ની પત્ની નું તકિયા થી મોઢું દબાવી દઈ જો અવાજ કરસો તો જાન થી મારી નાખીસ જો કે મકાન માલિકે પરિવાર પર હૂમલો થવા ના ભય થી લુટારુ ઓને ને તિજોરી ની ચાવી સોપી દીધી અને માત્ર ૧૧ મિનીટ માં દોઢ લાખ થી વધુ ની લુંટ કરી ફરાર ગયા હતા પાલનપુર અમદાવાદ હાઈવે પર આવેલી ઉમા તિરૂપતિ સોસાયટી માં મધ રાત્રે બનિયાન ચડી ધારી ટોળકી મહેશભાઈ ગૌસ્વામી મકાન માં ઘુસી અંધારાનો લાભ લઈ સનસનીખેજ લુંટ ચલાવી છે.

ઉમા તિરુપતિ સોસાયટીમાં મહેશભાઈ ગૌસ્વામી પોતાના પરિવાર સાથે રહે છે રાતે તેમના ઘરના દરવાજા પર દસથી બાર કિલોનો એક મોટો પથ્થર દરવાજા પર મારી ઘરમાં દસ જણા ચડ્ડી બનીયન ધારી ટોળકી ના સભ્યો દાખલ થયા અને મહેશ ભાઈને બંદુક બતાવી તેમના ઘરમાં ઉથલ પાથલ મચાવી દીધી ભારે હંગામા વચ્ચે ભયભીત બનેલા મહેશભાઈએ પોતાનો અને પરિવારનો જીવ બચવવા તમામ ચીજ વસ્તુઓ ક્યાં છે તે બતાવી આને આમ દોઢ લાખ રોકડા અને એકાદ લાખના દાગીના મળી અઢી લાખની સનસનીખેજ લુંટ ની વારદાત ને અંજામ આપી ચડ્ડી બનીયન ધરી ટોળકી મકાન માલિક પાસેથી મોબાઈલ પણ લઇ લીધો હતો બાજુમાં રેહતા વિનોદ ભાઈ ચોધરી એ મધ રાત્રે થતા આવાજ થી જાગી જઈ બારી ખોલી ને જોઈ તો લુંટ કરવા આવેલા સખ્સ એ તેમની સામે પણ બંદુક ની અણી એ ડરવાની કોશિશ કરતા વિનોદ ભાઈ બંદુક પકડી નાખી હતી જો કે બંદુક ધારી સખ્સ એ વિનોદભાઈ ના માથા પર મકાન માલિક ના પાસે થી લીધેલો મોબાઈલ મારી ફરાર થઈ ગયા બાદ સહુ પહેલા પોતાની સોસાયટીના સભ્યોને અને બાદ માં પોલીસ ને જાણ કરવામાંઆવી પોલીસ ત્વરિત આવી તો ખરી પરંતુ ત્યાં સુધી ઘાડપાડું ટોળકી અંધારાનો લાભ લઇ ભાગી ચુકી હતી મહેશ ભાઈ ની ફરિયાદ ના આધારે હવે ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# દાંતીવાડા તાલુકા પંચાયતનું બજેટ કાસ્ટિંગ વોટથી મંજુર

## બજેટ મંજુર થતાની સાથે જ બંધ બારણે લાંબી ચર્ચાઓ શરુ કેમ ?

દાંતીવાડા, તા. ૨૧

ભાજપ શાસિત દાંતીવાડા તાલુકા પંચાયતનું બજેટ આગામી સમયમાં ના મંજુર થયું હતું. જેથી કરી ગત રોજ ૧૨.૩૯ વાગ્યાના સમયે ફરી વાર તાલુકા પંચાયતની સાધારણસભા બોલાવાઈ હતી અને બેઠકમાં ભાજપના એક સભ્ય પાંચ મિનીટ લેટ થતા કાસ્ટિંગ વોટથી બજેટ મંજુર કરાયું હતું.

મળતી મહિતી મુજબ ગત રોજ ૧૨.૩૯ વાગ્યાના સમયે દાંતીવાડા તાલુકા પંચાયતની સાધારણ સભાની બેઠક મળી હતી. પંચાયતની બોડી ભાજપ શાસિત હોઈ થોડા દિવસો અગાઉ ભાજપના બે સભ્યો ગેરહાજર રહેતા કોંગ્રેસની બહુમતી થતા ખેતી તેમજ શૈક્ષણિક મુદ્દે વાંધો ઉઠાવતા બજેટ ના મંજુર થયું હતું. જેથી કરી આજે ફરીવાર સાધારણ સભા બોલાવવામાં આવી હતી અને આજની બેઠકમાં ભાજપના સભ્ય મહેન્દ્રભાઈ ત્રિવેદીની ગાડીને પંકચર થતા તેઓ બેઠકમાં પાંચ મિનિટ જેટલા લેટ થયા હતા જેથી કરી ભાજપના ૭ સભ્યો અને કોંગ્રેસના ૭ સભ્યો આમ બંને પક્ષોમાં સરખા સભ્યો હોવાથી પંચાયત ધારાની ૧૨૭ કલમ મુજબ પ્રમુખ પોતે પોતાનો મત આપી શકે તેવી જોગવાઈને લઈ પંચાયત પ્રમુખ ઈશ્વર સિંહે પોતે પોતાનો મત આપ્યો હતો અને આમ તાલુકાનું ૩,૦૨,૮૨,૯૪૪ રૂપિયાનું બજેટ કાસ્ટિંગ વોટથી મંજુર કરવામાં આવ્યું હતું.

> **કોંગ્રેસના નેતા નટવરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે કાસ્ટીંગ વોટથી બીજા દ્વારા મંજૂર કરી શકાય પરંતુ બજેટ મંજૂર ન કરી શકાય જેના પગલે કોંગ્રેસ સભ્યો દ્વારા બજેટ ના મંજૂર કરવા માટે અરજી કરવામાં આવી છે અને આ પંચાયતમાં ભ્રષ્ટાચાર આચરી પ્રમુખ પોતે પોતાની મનમાની ચલાવી રહ્યા છે.**

મહેન્દ્રભાઈ ત્રિવેદી લેટ થવા પાછળનું કારણ જણાવતા પાર્ટીના મહામંત્રીઓ તેમજ તાલુકા પંચાયત સભ્યોને જાણ કરી હતી છતાં તેમની થોડી પણ રાહ ન જોવાતા તેઓ નારાજ જણાયા હતા અને બજેટ ૧ મીનીટમાં મંજુર કરાયું હતું. બજેટ મંજુર થતાની સાથે જ તાલુકા પ્રમુખ તેમજ ન્યાય સમિતિ ચેરમેનના ચેમ્બરોમાં બંધ બારણે લાંબી ચર્ચાઓ સારું થઈ હતી, ચર્ચાઓ શું થઈ? કેવી થઈ? એ તો આવનારો સમય જ દેખાડશે અને એ જોવું રહ્યું.

## મોડાસાની કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્કની શાખામાં તમામ ૮ સભ્યો બિનહરીફ ચૂંટાઈ આવ્યા

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લામાં ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અનેગ્રામીણ વિકાસ બેન્કની મોડાસા શાખામાં તમામ ૮ સભ્યો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. જેમાં વર્તમાન ચેરમેન પુનમભાઈ એચ. પટેલ, લીંભોઈ સેવા મંડળીના ચેરમેન હસમુખભાઈ એ. ઉપાધ્યાય, જાણીતા એડવોકેટ હીરાભાઈ એચ. પટેલ, તાલુકા સંઘના ચેરમેન અને ભાજપના અગ્રણી પ્રભુદાસ પટેલ, મહેશભાઈ ડી. પટેલ, બુટાલ નવીનભાઈ બી. પટેલ, નવી શિણોલ, મોડાસા બાલમંદિર કેળવણીના પ્રમુખ અનેજીવદયા પ્રેમી નીલેશભાઈ વી. જોશી, વણીયાદના નટુભાઈ જે. પટેલનો સમાવેશ થાય છે. વેરઝેરથી દૂર રહી સમાધાનની ફોર્મુલાથી બેંકમાં બિન હરીફ વરણી થતા સહકારી ક્ષેત્રમાં આવકાર સાંપડી રહ્યો છે.

## ડીસા તાલુકા પોલીસ અને એસઓજીના સંયુક્ત દરોડામાં આઠ જુગારીયા ઝડપાયા

ડીસા, તા. ૨૧

ડીસા પંથકમાં જુગારની બદી ફુલીફાલી છે ત્યારે બાતમી આધારે સ્પેશીયલ ઓપરેશન ગ્રુપ પાલનપુરના પી.એસ.આઈ. ગઢવી તેમજ ડીસા તાલુકા પોલીસ સ્ટાફે બાતમીના આધારે ડીસા તાલુકાના આસેડા ગામે ગત મોડી રાત્રે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં આઠ જેટલા ઈસમો તીન પત્તીનો જુગાર રમતા રંગેહાથ ઝડપાયા હતા. ઝડપાયેલા આ ઈસમોમાં મથુરજી અમરાજી ઠાકોર, દેવાજી સ્વરૂપજી ઠાકોર, શાંતીજી સવાજી ઠાકોર, વદનજી અનુપજી ઠાકોર, દીપાજી અગરાજી ઠાકોર, કાળુજી ગંભીરજી ઠાકોર તેમજ બાજુજી ખેમાજી ઠાકોર પોલીસ હાથે ઝડપાયા હતા. આ તમામ પાસેથી પોલીસે રૂપિયા પચ્ચીસોના ત્રણ મોબાઈલ, સોળ હજાર ત્રણસો રોકડ, ત્રણ મોટરસાયકલ અન્ય થઈ કુલ રૂપિયા અઠ્યાસી હજાર આઠસો એંશીનો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી તમામ જુગારીયાઓવિરૂદ્ધ જુગારધારા અન્વયે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

મેશ્વાતક હરસોલ પરગણા પ્રજાપતિ સમાજનો પ્રથમ સમૂહ લગ્નોત્સવ તલોદ ખાતે યોજાયો હતો. જેમાં ૧૮ યુવક - યુવતીઓએ લગ્નગ્રંથીથી જોડાઈને નૂતન દામ્પત્ય જીવનની કેડી કંડારી હતી. (દશરથ વણઝારા)

## માર્રૂતિ વિકાસ મંડળ, જાયન્ટસ ગ્રૂપ, મોડાસા દ્વારા અરવલ્લી જિલ્લામાં સરદાર કથાનો પ્રારંભ

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના મોડાસા પંથકમાં સરદાર પટેલના જીવનના વિવિધ પાસાઓને ઉજાગર કરી યુવા પેઢી તેમજ બાળકોને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી સરસ્વતી વિદ્યાલયના સુપરવાઈઝર જયેન્દ્રભાઈ પંડયા દ્વારા સરદારના જન્મથી લઈ મૃત્યુ સુધીના પ્રસંગોને સરદાર કથા સ્વરૂપે સૌને રસ પડે તે રીતે વિશિષ્ટ શૈલીમાં સરસ્વતી બાલમંદિરની રત્નદીપ શાખા, ડીપ શાખા, કુડોલ-પ્રાથમિક શાળા, એન.એસ.એસ. લો કોલેજના વિદ્યાર્થીઓની સમક્ષ સરદાર કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે માર્રૂતિ વિકાસ મંડળ અને જાયન્ટસ ગ્રૂપના ડાયરેક્ટર નિલેશભાઈ જોષી, જેસિઝ ચેરમેન, નવનીતભાઈ પરીખ લૉ કોલેજ મોડાસાના પ્રિ.શ્રી રાજેશભાઈ વ્યાસ, પ્રોજેક્ટ ઓફિસર એ.એન. શ્રોફ, જાયન્ટસ પ્રમુખ રાકેશભાઈ પટેલ, સરસ્વતી આચાર્ય જયેશભાઈ ઉપાધ્યાય, કુડોલ પ્રા. શાળાના આચાર્ય, સ્ટાફ, કુડોલ સરપંચ, દુધ મંડળીના ચેરમેન, જિલ્લા સદસ્ય સુરેશભાઈ પરમાર, વનરાજસિંહ ખાંટ સૌએ આ નવતર પ્રસંગને બિરદાવ્યો હતો.

## પ્રાંતિજની અવરઓન હાઈસ્કૂલમાં શુભેચ્છા અને વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૧

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલી અવરઓન હાઈસ્કૂલમાં ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય અને શુભેચ્છા સમારંભ યોજાયો હતો.

કેળવણી મંડળ સંચાલિત ચાલતી વિવિધ સંસ્થાઓ પૈકી અવરઓન હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવા વિદાય સમારંભ યોજાયો હતો. જ્યારે વર્ષ દરમિયાન શાળામાં પ્રવૃત્તિઓમાં વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળના પ્રમુખ રઈશભાઈ કરબાની, ભરતભાઈ ફડીયા, અરવિંદભાઈ કોઠારી, નિત્યાંદનભાઈ સહિત શાળા પરિવારના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને બોર્ડની પરીક્ષામાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરવા પ્રોત્સાહન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

## ગોઝારીયા કન્યા શાળામાં માતૃભાષા ગૌરવદિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૧

ગોઝારીયા આદર્શ પ્રાથમિક કન્યા શાળામાં માતૃભાષા ગૌરવદિન નિમિત્તે ધો. ૬ના ૩૨ વિદ્યાર્થીઓ વચ્ચે શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી અંતર્મુખી બનતો જાય છે. ત્યારે આવી સ્પર્ધાઓ તેમના વિચારોને વ્યક્ત કરવા માટેની તક મળે છે. ભાગ લેનાર તમામને અભિનંદન પાઠવ્યા હતા.

## ગ્રેવિટી ધ સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા સ્કોલર ટેસ્ટનું આયોજન

ગ્રેવિટી ધ સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા ખેડબ્રહ્મા તથા વડાલી તાલુકાના ધો. ૧૦ના વિદ્યાર્થીઓ માટે સ્કોલર ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગ્રેવિટી ધ સ્કૂલ ઓફ સાયન્સ ખેડબ્રહ્મા દ્વારા આગામી માર્ચ માસમાં લેવાનાર ધોરણ-૧૦ની પરીક્ષામાં વિદ્યાર્થીઓ ભયમુક્ત રીતે પરીક્ષા આપી શકે. તથા તેમના આત્મવિશ્વાસમાં વધારો થાય તેવા આશયથી ખેડબ્રહ્મા તથા વડાલી તાલુકાની તમામ શાળાઓના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે ગ્રેવિટી સ્કોલર ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ ૧ થી ૫ નંબર આપવામાં આવ્યા હતા. ગ્રેવિટી સ્કૂલ તરફથી ધર્મ પટેલને રૂ. ૨૧૦૦, સેજલ રાવલને રૂ. ૧૫૦૦, અમિષા ચૌધરીને રૂ. ૧૧૦૦, પક્ષલ મહેતા કોમલ રાવલ અને રાજલ રાઠોડ ત્રણેયને રૂ. ૫૦૦-૫૦૦ તેમજ આયુષ પટેલને રૂ. ૨૫૦ના રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ખેડબ્રહ્મા અને પોશીના તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ બદલાયા

## કોંગ્રેસ સમિતિના કાર્યકરોમાં બે ભાગ હોવાનું બહાર આવ્યું

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા તથા પોશીના તાલુકાની કોંગ્રેસ સમિતિના પ્રમુખની નિમણુંક અંગે તાલુકામાં કોંગ્રેસ બે ગૃપમાં વહેચાતી હોવાનું બહાર આવવા પામ્યું છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિ એ બંને તાલુકાનાં પ્રમુખોની નિમણુંક કર્યા પછી તેમની જગ્યાએ નવા પ્રમુખની નિમણુંકનો આદેશ થતાં પોશીના અને ખેડબ્રહ્મા તાલુકાના કોંગ્રેસ કાર્યકરોમાં ચર્ચાનો મુદ્દો બની જવા પામ્યો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અમદાવાદ દ્વારા થોડા સમય અગાઉ ખેડબ્રહ્મા તાલુકાની કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે નરેશકુમાર પરસોત્તમદાસ પટેલની તથા પોશીના તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે હીરાભાઈ ગમારની નિમણુંક કરવામાં આવી હતી. જેનો કોંગ્રેસના કાર્યકરોમાં કચવાટ સાંભળવા મળ્યો હતો અને કેટલાક કાર્યકરોએ મોવડી મંડળ સમક્ષ રજુઆત પણ કરી હતી. જેના પગલે બંને તાલુકાના પ્રમુખો બદલાયા છે. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની સંગઠન અને ચૂંટણી સંકલન સમિતિના ચેરમેન બાલુભાઈ પટેલે ૧૧ ફેબ્રુઆરીના પત્રથી ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે આગીયાના જનકસિંહ કકુસિંહ વાઘેલાની તથા પોશીના તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે આરીફ હુસેન મહંમદયુસુફ છીપા-પોશીનાની નિમણુંક કરવામાં આવી છે. અને અંગેની જાણ જિલ્લા પ્રમુખ ડાહ્યાભાઈ પટેલને કરી હોવાનો નિમણુંક પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમ કોંગ્રેસ પ્રદેશ સમિતિ અને જિલ્લા તાલુકા કોંગ્રેસ સમિતિ બે ભગમાં વહેંચાયેલી જણાય છે. બંને તાલુકાના પ્રમુખો બદલાતાં કોંગ્રેસ કાર્યકરોમાં પણ કહીં ખુશી કહીં ગમ જેવો માહોલ જોવા મળે છે.

# ઈડરના બાળકો સમયની આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિકોણની ગણતરી સમાજને શીખવી રજ્ઞા છે

યુનિકયુ ઈન્ટરનેશનલ ઈડર ૨૧મી સદી માટે જરૂરી જીવન કૌશલ્યો શિખવાડતી ખાસ મિશન સાથે શરૂ થયેલ છે.૨૧મી સદીમાં વૈશ્વિક દ્રષ્ટિકોણ અને સમાજ તથા જરૂરી કૌશલ્યો વિકસાવવા આવશ્યક છે. આ વૈશ્વિક દ્રષ્ટિકોણ અને કૌશલ્યો વિકસાવવા યુનિકયુ ઈન્ટરનેશનલસ્કુલમાં British Council ISA-(International School Award) ન્રોગ્રામ આ વર્ષે ચાલી રહ્યો છે. વર્ષ દરમિયાન થયેલ સાત ન્રોજેક્ટ માં એક ન્રોજેક્ટ "Time Never Sleep" છે.

આ ન્રોજેક્ટમાં જુલાઈ મહિનામાં સમયની આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિકોણથી બાળકોની સમજ તથા જરૂરી ગણતરી શીખવવામાં આવી હતી.બાળકોને ન્રાયોગિક રીતે ડીબેટ અને રોલ પ્લે દ્વારા વિશ્વના અલગ અલગ ટાઈમ જોનની સમજ અને તેની અસરો શીખવવામાં આવી હતી.

આ'Time Never Sleep' ન્રોજેક્ટ પછી અત્યારે ફેબ્રુઆરી ૨૦૧૪માં બાળકો Greenwich mean time (GMT)ને આધારે વિશ્વના અન્ય દેશોના સમયની ગણતરી કરી શકે છે.એ ખાસ અભિયાનમાં યુનિકયુ ઈન્ટરનેશનલ સ્કુલના બાળકોએ,માતાપિતા અને પાડોશીઓને બ્રાઝીલ, યુ.કે., જાપાન અને પપુઆ ન્યુ ગીની ના સમયનો ભારતના સમય સાથે સરખામણી કરી આ સમયના તફાવતના કારણો અને તેની અસરો વિગતવાર રીતે સમજાવવાનું શરૂ કર્યું છે.

ISA Project Time Never Sleep ના કારણે બાળકોમાં વિકસેલી સમયની આંતરરાષ્ટ્રીય સમજ તેમને વૈશ્વિક સ્તરે આગળ વધવા ખુબ ઉપયોગી થશે તેવું વાલીગણને લાગી રહ્યું છે.

ધો.૬ માં ભણતા શરદના પિતા દિનેશભાઈ (બડોલી)ના જણાવ્યા -માણે સમાજવિધા અને ગણિતમાં આવતી સમયની સમજ સાથે જરૂરી ન્રાયોગિક જ્ઞાનઈજઅ ના આ ન્રોજેક્ટ દ્વારા બાળકોને શીખવા મળ્યું છે.આ બાબત મને ખુબ ઉપયોગી લાગે છે.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન